તા-૦૪/૦૩/૨૦૨૫

મારૂ નામ ફૈઝમોહમદ સ/ઓ જાવેદ અખ્તર જાતે-શેખ ઉ.વ.૨૩ ધંધો-નોકરી રહે-મ.ન.૯૬ યાકુબભાઇનો કુવો નવાપુરા શરીવાયા કબ્રસ્તાન પાસે વટવા અમદાવાદ શહેર મો.નં.૯૯૯૮૫૬૩૯૪૬ (આધારકાર્ડ નં. 717373307909)

રૂબરૂમા આવી જાહેર કરી મારી ફરીયાદ હકિકત લખાવુ છુ કે હું ઉપર બતાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને અને શંખેશ્વર એસ્ટેટ પાસે અહેમદાબાદ મોટર્સ નામના તોફીકભાઇ સૈયદ નાઓના ગેરેજમા નોકરી કરી મારૂ તથા મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ.મારા પરીવારમા મારી માતા સાયરાબાનુ તથા અમે ત્રણ ભાઇઓ છીએ.જેમા સૌથી મોટો ભાઇ નામે શોહેબ છે તેનાથી નાનો ભાઇ શાહરૂખ છે અને સૌથી નાનો હું છુ.

ગઇ તા-૦૩/૦૩/૨૦૨૫ ના રોજ રાતના આશરે દોઢ-બે વાગ્યાના સુમારે હું મારા ઘરેથી જમી પરવારી શરીવાયા કબ્રસ્તાન પાસે આવેલ મીરા કેફે ખાતે સીગરેટ પીવા માટે ગયેલ અને ત્યા ઉભા આ વખતે વટવા ચુનારા વાસ ખાતે રહેતા સુનિલ તથા તેનો ભાઇ અમિત તથા તેના મિત્રો મારી પાસે આવેલ અને મને પુછેલ કે અજ્જુ કાણાનુ ઘર કયા આવેલ છે તે મારી ગાડી લઇ ગયેલ છે અને અમો ચુનારાવાસ આગળથી પસાર થતા જાહેર રોડ ઉપરથી આવતા જતા હોય જેથી આ સુનીલ તથા તેના ભાઇ અમીતને સારી રીતે ઓળખીએ છીએ જેથી મે તેઓને અજ્જુ કાણાનુ ઘર બતાવેલ ત્યાર બાદ આ અમીત અને સુનીલને આ અજ્જુ કાણા સાથે શા બાબતનો ઝગડો થયેલ હતો તેની મને કોઇ જાણકારી નથી

બાદ આજ રોજ મોડી રાત્રીના સાડા બારેક વાગે હુ મારા ઘરેથી ચુનારાવાસ આગળથી રસ્તેથી પસાર થતો અને આ વખતે ચુનારાવાસ આગળ અમીત ચુનારા તથા સુનીલ ચુનારા તથા ચંદુભાઇ નાઓએ મને રોકીને કહેલ તમે લોકો મારી ગાડી લઈ ગયેલ છો અને તમારે અંહીથી નીકળવુ નહી તેમ કહી આ અજ્જુ કાણા સાથે તેઓને થયેલ ઝગડા બાબતે હુ અજુજુ કાણા સાથે સામેલ હોય તેવો મારી ઉપર શક રાખી મારી સાથે ઝગડો કરવા લાગેલ અને મને ગંદી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી આ અમીત ચુનારાએ ત્યાં પડેલ ઇંટ હાથમાં લઈ ઇંટ પકડી મને જમણા પગની જાંગ ઉપર મારેલ અને તેવામાં આજુ-બાજુના લોકો આવી જતા આ લોકો ત્યાંથી જતા રહેલા અને ત્યાર બાદ મને જાણવા મળેલ કે અમારા મહોલ્લામાં રહેતા હસન મોહમંદની સાથે પણ આ સુનીલ અને અમીતે તથા ચંદુભાઇએ મારી સાથે ઝગડો કરેલ તે પહેલાજ ઝગડો કરેલ અને તેને પણ આ સુનીલ અને અમીતે ઇંટ પકડી બરડાના ભાગે મારેલ હતી

એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે

રૂબરૂ

FAIZ

..............................................

( ઇલીયાસઅહેમદ ઇબ્રાહીમખાન)
એ.એસ.આઇ.
વટવા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર